RNI No.: GUJGUJ/2014/59295

www.janfariyadnews.com

# ન્યુઝ ઓફ ગાંધીનગર

NEWS OF GANDHINAGAR (Daily) દૈનિક

E mail - prdpraval@yahoo.co.uk

*Editor : Pradip A. Raval (Mo) 98246 53073 * Block No.677/2, Gh Type, Sector - 8, Gandhinagar (Gujarat)

* Volume : 7 * Issue No. 161* Date: 09.04.2021 Friday * Page :04 * Rs. 1.00/- * Annual Rs. 351/-

### આખરે ડે.સીએમ નીતિન પટેલે સ્વિકાર્યુ, રેસડેસિવીર લેવા માટે હોસ્પિટલ હાઉસફુલ

# હા ગુજરાતમાં કોરોના વકર્યો છે...મહાનગરોમાં પરિસ્થિતિ અતિ ગંભીર



અમદાવાદ, તા.૮

ગુજરાતમાં કોરોના વાયરસના કેસની સંખ્યામાં વધારો થઈ રહ્યો છે ત્યારે વણસી રહેલી કોરોનાની સ્થિતિ અંગે રાજ્ય સરકારે બેડ વધારવા અંગે મહત્વનો નિર્ણય લીધો છે. આ અંગે નાયબ મુખ્યમંત્રી નીતિન પટેલે જણાવ્યું કે, ગુજરાતમાં સતત કોરોનાના કેસો વધી રહ્યાં છે.

અમદાવાદ, સુરત, રાજકોટ, મોરબીમાં સતત સંક્રમણ વધી રહ્યું છે. તેથી મુખ્યમંત્રી રૂપાણીની અધ્યક્ષતામાં આયોજિત કોર મીટીંગમાં નિર્ણય લેવામાં આવ્યો છે કે, કોર ગ્રુપની બેઠકમાં દરરોજની સ્થિતિની સમીક્ષા કરવામાં આવી.

અમદાવાદમાં બેડ વધારવા પડે સ્થિતિ ઉભી થઇ છે. મોરબીમાં પણ કોરોનાના દર્દીઓની સંખ્યા વધી છે. તેના પગલે અમદાવાદની SVP હોસ્પિટલની ૫૦૦ કોરોનાના દર્દીઓની કેપેસિટી વધારીને ૧૦૦૦ બેડની કરવામાં આવશે. અન્ય રોગના દર્દીઓને તબક્કાવાર રજા આપવામાં આવશે. અને તે પથારીઓમાં કોરોનાના દર્દીઓ દાખલ કરવામાં આવશે.

રાજ્યમાં કોરોનાનું સંક્રમણ વધ્યુ એટલે ૩ હજારથી વધુ દર્દીઓ આવી રહ્યા છે. અમદાવાદમાં આવેલી મંજુશ્રી હોસ્પિટલમાં આવેલી કોરોનાના બેડની સુવિધા કરવામાં આવી છે. સિવિલ હોસ્પિટલના સુપરિટેન્ડેન્ટ ને તેનું મેનેજમેન્ટ સોંપવામાં આવ્યું છે.

હોસ્પિટલોમાં સતત દર્દીઓની સંખ્યા વધી રહી છે. ત્યારે ધ્યાનમાં આવ્યું છે કે, અનેક લોકો માત્ર રેમડેસિવીરમાટે હોસ્પિટલમાં દાખલ થઈ રહ્યાં છે ત્યારે આ મામલે સરકારે મોટો નિર્ણય લીધો છે કે, માત્ર રેમડેસિવીર માટે દર્દીને હોસ્પિટલમાં દાખલ નહિ થવુ પડે, ઈન્જેક્શન લઈને ૨-૩ કલાકમાં ઘરે જઈ શકાશે. કોમ્યુનિટિ હોલમાં નર્સિંગ સ્ટાફના દેખરેખ હેઠળ ઈન્જેક્શન અપાશે. જેના બાદ ૨ થી ૩ કલાકમાં ઈન્જેક્શન લઈને દર્દીઓ ઘરે જઈ શકશે. જેનાથી હોસ્પિટલમાં બેડ બચશે અને દર્દી ઈન્જેશન લઈને ઘર જતા રહી શકશે. ગઈકાલે ૧૫ લાખ વેક્સીનનો જથ્થો કેન્દ્ર સરકાર દ્વારા આપવામાં આવ્યો છે. બીજો નવો વધારાનો જથ્થો કેન્દ્ર સરકાર આપે તે માટે સંપર્કમાં છીએ. ૧ રૂપિયામાં ૩ લેયર માસ્ક રાજ્ય સરકાર નાગરિકોને આપશે, જે અમુલ પાર્લર પર મળશે.

તેમણે વધુમાં જણાવ્યું કે, સુરતની મુલાકાત લઈને રિવ્યુ કર્યો. મેં વડોદરાની પણ મુલાકાત લીધી. રાજકોટની પરિસ્થિતિ પર મુખ્યમંત્રી પોતે ધ્યાન રાખી રહ્યાં છે. જામનગર, મોરબીનો પણ રિવ્યૂ સતત કરી રહ્યાં છી. વામાં આવી રહ્યો છે. બીજા ફેઝમાં મોટા પ્રમાણમાં દર્દીઓ વધી રહ્યા છે, ત્યારે પથારીઓમાં વધારો કરવાની સ્થિતિ પેદા થઈ છે. અમદાવાદ મ્યુનિ કોર્પોરેશન દ્વારા લેવાયો કે, અમદાવાદમાં મ્યુ સંચાલિત એસવીપી હોસ્પિટલની કુલ કેપેસિટી ૧૦૦૦ બેડની કેપેસિટી હતી. ૫૦૦ કોરોના માટે અને ૫૦૦ અન્ય બીમારીના સારવાર માટે રખાઈ હતી. પરંતુ કોરોનાના દર્દીઓ માટે એસવીપીમાં ૫૦૦ની કેપેસિટી વધારીને ૧૦૦૦ બેડની કરવામાં આવી છે.

## લોકડાઉન અંગે બાબા રામદેવે કહ્યુ- એનાથી કંઈ ફાયદો નહીં થાય

ન્યુ દિલ્હી, તા.૮

કોરોના વાયરસ રૂપી દૈત્ય ભારતમાં કહેર વર્તાવી રહ્યો છે. દિવસે દિવસે વધી રહેલા કેસના કારણે આરોગ્ય વિભાગની ચિંતામાં વધારો થઈ રહ્યો છે. પરિસ્થિતિ ત્યાં સુધી વણસી ગઈ છે કે, સરકારી હોસ્પિટલમાં પથારીઓ ખૂટી છે અને ખાનગી હોસ્પિટલમાં પણ કોઈ બેડ ખાલી નથી. માત્ર ગુજરાત જ નહીં ઘણા રાજ્યની સરકારે નાઈટ કર્ફ્યૂ અને વીકએન્ડ લોકડાઉનનું એલાન કર્યું છે. લોકોમાં પણ સતત લોકડાઉનનો ભય તોળાઈ રહ્યો છે. જોકે, સરકારે આ અંગે હજું સુધી કોઈ પ્રકારની સ્પષ્ટતા કરી નથી.

લોકડાઉનને લઈને યોગ ગુરૂ બાબા રામદેવે પોતાની પ્રતિક્રિયા આપી છે. ટીવી ચેનલના એક ખાસ કાર્યક્રમમાં તેમણે આ અંગે વાત કહી હતી. જ્યારે બાબા રામદેવને લોકડાઉન અંગે પ્રશ્ન કરવામાં આવ્યો કે, શું દેશ લોકડાઉન તરફ આગળ વધી રહ્યો છે? ત્યારે તેમણે કહ્યું કે, લોકડાઉનથી કોઈ પ્રકારનું કોઈ મોટું હીત સિદ્ધ થતું નથી. લોકો સાવધાની રાખે કે, જ્યારે પણ બહાર નીકળે ત્યારે માસ્ક પહેરીને નીકળે. કોઈ પણ અજાણી વસ્તુઓને સ્પર્શ કરે તો સેનિટાઈઝરનો ઉપયોગ કરે. સોશિયલ ડિસ્ટન્સ જાળવે.

કોરોનાની બીજી લહેર બમણી તાકાત સાથે આવી છે. તો સામે લોકોએ પણ પોતાની રોગપ્રતિકારકશક્તિ બમણી કરવી પડશે. એ માટે યોગ અને આયુર્વેદનો ડબલ ડોઝ લેવો પડશે. રસી લીધા પછી ૧૦૦ એવો તબીબોને ઓળખું છું જેણે બીજો ડોઝ લીધા બાદ પણ ફરીથી કોરોના થયો છે. હવે જેને રસી લીધી જ નથી એને પણ કોરોના થઈ રહ્યો છે. જે લોકોને પહેલા કોરોના થયો હતો એમની એડેપ્ટિવ ઈમ્યુનિટી ખતમ થઈ ગઈ. રસી લીધા બાદ એક્વાયર્ડ ઈમ્યુનિટી પણ ખતમ થઈ જશે. તો કેવી રીતે રોગપ્રતિકારક શક્તિ વધારવી.? આપણે આપણી મૂળ સંસ્કૃતિ તરફ પાછા ફરવું પડશે. હું દરેકને અપીલ કરૂ છું કે, રસી મૂકાવો. માસ્ક પહેરો અને સોશિયલ ડિસ્ટન્સનું પાલન કરો. યોગ અને આયુર્વેદને જીવનનો એક ભાગ બનાવી લો. ખાણી પીણી પર ધ્યાન આપો. આજથી એક વર્ષ પહેલા લોકોએ પોતાના જીવનને વધુ સારૂ અને સ્વસ્થ બનાવવા પર ધ્યાન આપ્યું હતું. કુદરતી રીતે પોતાની બીમારીનો ઈલાજ કરવો પડશે. આવું કરવાથી કોરોનાનો ગમે એટલો શક્તિશાળી સ્ટ્રેન આવે આપણે સુરક્ષિત રહીશું. પોતાને સ્વસ્થ રાખી સમૃદ્ધિ તરફ પ્રગતિ કરી શકીશું.

### ન્યુઝ ઓફ ગાંધીનગર કોરોના અપડેટ

**ગુજરાતમાં છેલ્લા ૨૪ કલાકમાં**
**કોરોના નવા કેસની સંખ્યા:૪૦૨૧**
**રાજ્યમાં કુલ કેસનો આંકડો**
**પહોંચ્યો : ૩૩૨૪૭૪**
**ગુજરાતમાં છેલ્લા ૨૪ કલાકમાં**
**લોકોનાં મૃત્યુ: ૩૫**
**રાજ્યમા આજે ડિસ્ચાર્જ થયેલા**
**દર્દીઓની સંખ્યા :૨૧૯૭**
**ગુજરાતમાં સાજા થયેલા કુલ**
**દર્દીઓની સંખ્યા : ૩૦૭૪૪૬**

### દેશમાં અત્યાર સુધી ૧,૬૬,૮૬૨ લોકોના મોત

## દેશમાં કોરોનાના સર્વાધિક ૧.૨૬ લાખથી વધુ નવા કેસ, ૬૮૫ લોકોના મોત

ન્યુ દિલ્હી, તા.૮

ભારતમાં છેલ્લા ૨૪ કલાકમાં કોરોના વાયરસના ૧.૨૬ લાખથી વધુ નવા કેસ સામે આવ્યા છે. આ દેશમાં કોરોના મહામારી ફેલાવાની શરૂઆત થયા બાદથી અત્યાર સુધીના સૌથી વધુ એક દિવસમાં આવનાર કેસ છે. દેશમાં હાલમાં કુલ પૉઝિટીવ કેસોની સંખ્યા ૧,૨૯,૨૮,૫૭૪ થઈ ગઈ છે. આરોગ્ય મંત્રાલયના જણાવ્યા મુજબ હાલના અમુક દિવસોમાં આ ત્રીજી વાર થયુ છે જયારે કોરોના વાયરસના એક દિવસમાં એક લાખથી વધુ કેસ સામે આવ્યા છે. મંત્રાલય દ્વારા ગુરુવારે(૮ એપ્રિલ) સવારે આઠ વાગ્યા સુધીના આંકડા મુજબ છેલ્લા ૨૪ કલાકમાં ૧,૨૬,૭૮૯ નવા કેસ મળ્યા છે અને ૬૮૫ લોકોના મોત થયા છે. કોરોના મહામારીથી



દેશમાં અત્યાર સુધી ૧,૬૬,૮૬૨ લોકોના મોત થઈ ગયા છે.

દેશમાં હાલમાં સક્રિય કેસોની કુલ સંખ્યા ૯,૧૦,૩૧૯ છે અને ડિસ્ચાર્જ થયેલા કેસોની કુલ સંખ્યા ૧,૧૮,૫૧,૩૯૩ થઈ ગઈ છે. છેલ્લા ૨૪ કલાકમાં દેશમાં ૫૯,૨૫૮ લોકો રિકવર થયા છે. દેશમાં અત્યાર સુધી ૯,૦૧,૯૮,૬૭૩ લોકોને કોરોના વાયરસની વેક્સીન લગાવવામાં આવી છે. દેશમાં સતત ૨૯માં દિવસે કોરોના સંક્રમણના કેસોમાં વધારો જોવા મળ્યો છે. દેશમાં કોરોનાનો ઈલાજ કરાવી રહેલા દર્દીઓની સરખામણીમાં જો કુલ કેસો સાથે કરવામાં આવે તો એ ૬.૫૯ ટકા છે. દેશમાં કોરોનાનો ઈલાજ કરાવી રહેલા સક્રિય દર્દીઓની સંખ્યા ૧૨ ફેબ્રુઆરીના રોજ સૌથી ઓછી હતી. ૧૨ ફેબ્રુઆરી ૨૦૨૧ના રોજ દેશમાં આ સંખ્યા ૧,૩૫,૯૨૬ હતી કે જે સંક્રમણના કુલ કેસોના ૧.૨૫ ટકા હતી. કોરોનાની બીજી લહેરમાં લોકોનો રિકવરી રેટ પણ ઘટીને ૯૨.૧૧ ટકા થઈ ગયો છે. દેશમાં ડેથ રેટ પણ ૧.૩૦ ટકા થઈ ગયો છે. દેશમાં કોરોનાથી સૌથી વધુ પ્રભાવિત મહારાષ્ટ્ર છે. ત્યારબાદ તમિલનાડુ, કર્ણાટક, પંજાબ, દિલ્લી, પશ્ચિમ બંગાળ, ઉત્તર પ્રદેશ, આંધ્ર પ્રદેશમાં કેસોની સંખ્યા વધી રહી છે. આરોગ્ય મંત્રાલયે જણાવ્યુ કે અત્યાર સુધી જે લોકોના કોવિડથી મોત થયા છે તેમાંથી ૭૦ ટકાથી વધુને કોઈ અન્ય બિમારીઓ હતી.

## સંકટની ઘડીમાં પણ રાજકારણઃ કેન્દ્ર અને રાજ્યો વચ્ચે 'વેકસીન વોર'



ન્યુ દિલ્હી, તા.૮

દેશમાં એક તરફ કોરોનાનો ગ્રાફ ઉંચો જઈ રહ્યો છે ત્યારે કેન્દ્ર અને રાજ્ય સરકારો વચ્ચે વેકસીનેશનને લઈને જંગ વેગવંતી બની છે. મહારાષ્ટ્ર, આંધ્રપ્રદેશ સહિત કેટલાક રાજ્યોએ વેકસીનની અછતની વાત જણાવી છે તો કેન્દ્ર તરફથી કેટલાક રાજ્યોને રસીકરણની ધીમી સ્પીડને લઈને પત્ર લખ્યો છે. કેન્દ્રએ પંજાબ, દિલ્હી, મહારાષ્ટ્રને પત્ર લખી રાષ્ટ્રીય સરેરાશથી પણ પાછળ ચાલતા હોવાનું જણાવ્યુ છે.

કેન્દ્રીય સ્વાસ્થ્ય મંત્રાલયે આ રાજ્યોને પત્રો લખ્યા છે જેમાં રસીકરણની ધીમી સ્પીડ અંગે સવાલો ઉઠાવ્યો છે. મહારાષ્ટ્રને અત્યાર સુધી ૧૦૬૧૯૧૯૦ ડોઝ અપાયા છે પરંતુ હજુ ૯૦૫૩૫૨૩નો ઉપયોગ થયો છે. મહારાષ્ટ્રમાં ધીમી રફતાર હોવાનુ જણાવાયુ છે. મહારાષ્ટ્રની જેમ દિલ્હીને લઈને પણ કહેવાયુ છે કે અત્યાર સુધી ૨૩૭૦૭૧૦ ડોઝ અપાયા છે. જેમાંથી ૧૮૭૦૬૬૨નો ઉપયોગ થયો છે. કેન્દ્રએ કહ્યુ છે કે રાજ્યોએ રફતાર વધારવી પડશે. મહારાષ્ટ્ર સહિતના કેટલાક રાજ્યોએ એવી ફરીયાદ કરી છે કે અમારી પાસે વેકસીન નથી અથવા તો થોડો સ્ટોક બચ્યો છે. મહારાષ્ટ્ર અને કેન્દ્ર વચ્ચે વેકસીન વોર ફાટી નીકળી છે. મહારાષ્ટ્રનું કહેવુ છે કે પૂણેમાં રસીની અછતને કારણે ૧૦૯ કેન્દ્રો બંધ કરાયા છે.

### બ્લૂમબર્ગના તાજેતરના એક રિપોર્ટમાં એક્સપર્ટના હવાલાથી ચેતવણી અપાઇ

## જો ભારત જિનેટિક સિક્વન્સિંગના આંકડાઓને ઝડપથી નહીં વધારે તો ઈલાજ તો મુશ્કેલ

ન્યુ દિલ્હી, તા.૮

ભારતમાં કોરોનાની બીજી લહેર હાહાકાર મચાવી રહ્યો છે. દેશભરમાં રોજે રોજ કોરોના સંક્રમણના ૧ લાખ ૧૫ હજારથી વધુ નવા કેસો સામે આવી રહ્યાં છે. નિષ્ણાતોએ ભારતની ચિંતા વધારી દીધી છે. નિષ્ણાંતોના મત ભારત કોરોના સંક્રમણનાં પોઝિટિવ સેમ્પલોની પ્રયોગશાળાઓમાં પૂરતા પ્રમાણમાં તપાસ કરવામાં નિષ્ફળ રહ્યું છે. ભારત પાસે પૂરતો ડેટા જ નથી જેનાથી ઝડપથી વધતા કેસનું કારણ સમજવામાં મદદ મળી શકે. બ્લૂમબર્ગના તાજેતરના એક રિપોર્ટમાં એક્સપર્ટના હવાલાથી ચેતવણી અપાઈ છે કે, જો ભારત જિનેટિક સિક્વન્સિંગના આંકડાઓને ઝડપથી નહીં વધારે તો ઈલાજ તો મુશ્કેલ થશે જ પણ સાથો સાથ વેક્સિનની પણ નકામી બની જશે. કોરોના વાયરસ પર કોઈ ખાસ અસર નહીં થાય. વિજ્ઞાનીઓએ ચેતવણી આપી છે કે જો ભારત પોઝિટિવ સેમ્પલોનું ઝડપથી જિનેટિક સિક્વન્સિંગ નહીં કરે તો કોરોના વિરુદ્ધ તેની લડાઈ ખૂબ નબળી થઈ જશે. હોસ્પિટલોમાં કારગત ઈલાજ નહીં થઈ શકે અને ન તો વાયરસ વિરુદ્ધ વેક્સિન કામમાં આવશે. કોરોના સંક્રમણ વિરુદ્ધની લડાઈમાં ટેસ્ટિંગ તો અગત્યનું છે જ પણ એનાથી વધુ અગત્યનું છે પોઝિટિવ સેમ્પલોની જિનોમ સિક્વન્સનો અભ્યાસ. જે લોકો સંક્રમિત મળે છે એમાંથી તમામનાં સેમ્પલોની આગળ એ વાતની તપાસ થાય છે કે વાયરસનો કોઈ નવો વેરિઅ્ટ તો પેદા થઈ રહ્યો નથીને. અથવા તો એમાં કોઈ એવો ફેરફાર તો થઈ નથી રહ્યો ને કે જે વધુ ખતરનાક અને ચેપી હોય. યુનિવર્સિટી ઓફ મિશિગનની સ્કૂલ ઓફ પબ્લિક હેલ્થમાં પ્રોફેસર ભ્રમર મુખર્જીના જણાવ્યા અનુસાર, ભારત પાસે કોરોનાવાયરસના નવા વેરિએન્ટ અંગેનો પૂરતો ડેટા જ નથી. જેના પરથી ખ્યાલ આવે કે સંક્રમણમાં અચાનક જબરદસ્ત ઉછાળાનું કારણ કેટલાક નવા વેરિએન્ટ છે કે કેમ. ભારત પોઝિટિવ સેમ્પલોના જિનેટિક સિક્વન્સિંગના મામલે બ્રિટન અને અમેરિકા જેવા દેશોના મુકાબલે ઘણું પાછળ છે.

## લોકડાઉનના ભણકારા: દિલ્હી-પુણેથી મોટી સંખ્યામાં પ્રવાસી મજૂરોની હિજરત

ન્યુ દિલ્હી, તા.૮

ભારત ફરી એક વખત ગયા વર્ષની માફક કોરોના વાયરસ સંકટના એ જ સમયમાં ફરી પ્રવેશતું જણાઈ રહ્યું છે. એક તરફ કોરોનાના કેસમાં સતત વધારો થઈ રહ્યો છે અને શહેરોમાં ફરી લોકડાઉન લાગુ કરવામાં આવશે તેવો ડર વ્યાપી રહ્યો છે. ત્યારે આ બધા વચ્ચે પ્રવાસી મજૂરો પોતાના ઘરે પાછા જઈ રહ્યા હોવાના સમાચાર પણ સામે આવી રહ્યા છે. સતત વધી રહેલા પ્રતિબંધો વચ્ચે લોકડાઉનના ભણકારા વાગી રહ્યા છે. દિલ્હી, પુણે સહિત અન્ય વિસ્તારના પ્રવાસી મજૂરો પોતાના ઘરે પાછા જવા લાગ્યા છે.

દિલ્હીના આનંદ વિહાર ટર્મિનલ પર મોટી સંખ્યામાં પ્રવાસી મજૂરો પોતાના ઘરે પરત ફરતા જોવા મળી રહ્યા છે. બિહારના કેટલાક મજૂરોએ જણાવ્યું કે, પાછલી વખતે લોકડાઉનમાં તેઓ દિલ્હીમાં ફસાઈ ગયા હતા પરંતુ આ વખતે તેમ ન બને તે માટે તેઓ પહેલેથી જ પોતાના ઘરે જઈ રહ્યા છે. ઉલ્લેખનીય છે કે, કોરોના સંકટના કારણે દિલ્હીમાં નાઈટ કર્ફ્યુ લાગુ કરી દેવામાં આવ્યું છે. તે સિવાય પણ અન્ય કેટલાય પ્રતિબંધો મુકવામાં આવેલા છે. તેમ છતા કોરોનાના કેસમાં સતત વધારો થઈ રહ્યો છે જેથી પ્રવાસી મજૂરોને લોકડાઉનનો ભય સતાવી રહ્યો છે.

દિલ્હીથી દૂર મહારાષ્ટ્રના પુણેમાં પણ આવી જ સ્થિતિ છે. પુણેના રેલવે સ્ટેશન પર ભારે ભીડ જોવા મળી રહી છે અને મોટી સંખ્યામાં પ્રવાસી મજૂરો પોતાના ગામ, શહેર તરફ જઈ રહ્યા છે. રેલવેના કહેવા પ્રમાણે ભારે ભીડ હોવા છતા તેઓ સોશિયલ ડિસ્ટન્સિંગ જળવાય તે માટે કામ કરી રહ્યા છે અને નિયમોનું પાલન થઈ રહ્યું છે. ઉલ્લેખનીય છે કે, દિલ્હી, મહારાષ્ટ્ર, મધ્ય પ્રદેશ, યુપી જેવા અનેક રાજ્યોએ શહેરોમાં નાઈટ કર્ફ્યુ લાગુ કરી દીધો છે. મહારાષ્ટ્ર અને મધ્ય પ્રદેશમાં તો વીકેન્ડ લોકડાઉન પણ ચાલી રહ્યું છે. છત્તીસગઢના રાયપુરમાં તો સંપૂર્ણ લોકડાઉનની જાહેરાત કરી દેવામાં આવી હતી જેથી લોકોને ફરી લોકડાઉનનો ભય લાગી રહ્યો છે.

ગત વર્ષે અચાનક લોકડાઉન લાગુ કરવામાં આવ્યું ત્યારે લાખો મજૂરો શહેરોમાં ફસાઈ ગયા હતા. ત્યાર બાદ રસ્તાઓ પર પ્રવાસી મજૂરોની ભારે ભીડ પોતાના ગામ પરત ફરતી જોવા મળી હતી.

ન્યુઝ ઓફ ગાંધીનગર.

# ન્યૂઝ ઓફ ગાંધીનગર દૈનિક સાહિત્ય સરિતા-આયોજક : પ્રદીપ રાવલ




NOG SS NO :004

ચાલશે - ૬

પહેલાનાં પાંચ ચાલશે માં આપણે જોયું હતું લોકડાઉન ની પરિસ્થિતિ વચ્ચે ખૂબ ઝઝૂમ્યા.. ધીરે ધીરે નવેમ્બર
૨૦ નું આગમન થયું લોકો દિવાળીનાં મૂડમાં આવ્યાં. અરે હું પણ વડોદરાથી ફ્લાઈટમાં ૮મીની આસપાસ પહોંચી ગઈ ગુડગાંવ ... દિલ્હી એરપોર્ટ પર માસ્ક પહેરીને ઉતરી ત્યારે વિશ્વાસ આવ્યો કે માનવ ફરી શકે છે..! હાશ! પણ એક ગભરાટ તો ચૌદ દિવસ સુધી રહ્યો..
ખોટું નહિ કહું! પણ કુટુંબ સાથે સરસ મજાની ઘરમાં રહી
ઓછા ફટાકડાં સાથે દિવાળી ઉજવી, દિલ્હીની લાઈટો જોઈ ને આનંદ મનાવ્યો. અરે ! માનવ સમજ્યો ચાલો કોરોના હવે નહિવંત જેવો જ છે.. ચાલશે માસ્કને છોડો
ને માસ્કહીન મુંબઈગરાઓ લોકલ ટ્રેન અને બસમાં બિંદાસ્ત થઈ ગયાં. પેલી ચુંટણી આવી અને સરકાર પણ સૌમ્ય પણું આદર્યુ , તો નવા સ્ટેડિયમમાં પણ બાળગોપાળ મોટા નાના સર્વે પહોંચી ગયાં, સ્કૂલમાં મોકલવા મા બાપ હિચકિચાયાને મેચ જોવા દોઢલાખ લોકો કોરોનાને ભૂલી ગયાં. ટિકિટ ખર્ચી ક્રિકેટરોના ગજવા , તો સ્ટેડિયમનાં પૈસા છલકાવી આવ્યાં ને ગજવામાં કોરોના નામનું રીસ્ક ભરતા આવ્યા. બરસાનામાં હોળી ન ટળી .. ત્યારે લોકો પાસે ખૂબ પૈસા
ને ખર્ચ કરવા આનંદ હતો, હર્ષ હતો ઉલ્લાસ હતો...ને આવી પરિસ્થિતિ ફરી સામનો કરવાની તો .. સરકાર પર તવાઈ કરવા ઊભા થયાં. શું તમારું માસ્ક નહિ પહેરું ચાલશે, સેનીટાઈઝ નહિ કરું ચાલશે, સોસિયલ ડીસ્ટન્સ નહિ રાખું તો ચાલશે..! તમને જ અઘરું નથી પડ્યું? અરે
કેમ ભૂલી ગયાં કે લગ્નોમાં ભેગા થયાં? શું સાદાઇથી ન થાત! બસો માણસ આવે તો જ લગ્નને પ્રભુ કે સમાજ મંજૂરી આપશે..!

વેક્શીન લેવા ગઈ તો એક કાકા બોલ્યાં," હાશ!
વિશ્વનું સૌથી મોટું કામ પૂર્ણ થયું મારે તો!" હું બે
મિનિટ હિચકિચાટ સાથે ઊભી રહી ગઈ. મનમાં થયું શું
વિશ્વ માટે કે તમારી સેફ્ટી માટે કે તમારી સાથેના પાર્ટનર માટે... કોના માટે લીધું?

મે તો ખરેખર યાદ કર્યા દિવસ રાત મચી પડેલા રીસર્ચ કરનારા વૈજ્ઞાનિકોને તેની સાથે કદમથી કદમ મેળવનાર તેમના સાથીદારોને... વેક્શીન આપનાર તે
કોરોનાવોર્યરોને.. આભાર એ સર્વેનો કે મને કે મારા જેવા અનેકોને રક્ષણ આપવા મહેનત કરી રહ્યાં છે. મને તો હજું ત્રીજો બુસ્ટર ડોઝ પણ લેવો પડશે તો પણ ચાલશે

જયશ્રી પટેલ

---------------------------------------

ન્યૂઝ ઓફ ગાંધીનગર દૈનિક આયોજિત સાહિત્ય સરિતા ગ્રુપ ની આજ ૫ પદ્ય રચનાઓ પ્રસિદ્ધ કરવામાં આવે છે.
વિષય : રાગ - રાગીણી .દિવસ - ૪
www.janfariyadnews.com
Email : prdpraval42@gmail.com
What's up calling No : 9824653073
તંત્રી/સંચાલક : પ્રદીપ રાવલ
નિર્ણાયક મંડળ :જયશ્રીબેન પટેલ,અરૂણાબેન ત્રિવેદી
યુ ટ્યુબ ચેનલ : janfariyadnews
ન્યૂઝ પોર્ટલ : janfariyanews
વેબ સાઈટ : janfariyadnews.com

---------------------------------------

NOG SS NO 0037

વિષય - રાગ, રાગિણી....
પ્રકાર - પદ્ય.
શીર્ષક - અનુરાગ.

જિંદગી મહેકતો ગુલદસ્તો,
મોજથી જીવો,જીવવા દો....!
કાયા કંચન, ક્ષણમાં હોય ન હોય,
શું લઈ આવ્યાં....?
શું લઈ જવાના...?
અહીંનું અહી રહેવાનું,
દેહ પણ આપણો નથી...!
શાને મારું મારું કરવું...?
અંતર મનને મહેકાવતી,
સુવાસ પ્રસરાવી જવાનું...!
છોડને સઘળાં રાગદ્વેષ,
રાગિણીને, અનુરાગ કરવો...!
સ્વને નહી,સર્વને સમજવાનું,
સંસાર છે, મુસાફરી ખાનું....!

હેમલતા દિવેચા.

---------------------------------------

NOG. સાહિત્ય સરિતા
NOG SS NO. - 0036
વિભાગ - પદ્ય (કાવ્ય)
શીર્ષક - લય

લય
આમ તો પ્રાણમાં લય શ્વસે,
સૃષ્ટિ સાથે જીવનનો લય મળે.
શબ્દ નાચે, શબ્દ ગાજે, શબ્દ સૂરે,
શબ્દોનાં શણગારે લય હસે.
હૃદય, નાડી, રક્તનાં ધબકારે,
ૐ બની અંતરિક્ષે લય વિસ્તરે.
તરજથી અનેરાં લય પલટાં,
ગાયત્રી-ગીતા શ્લોકમાં લય વસે,
રાગ છેડીએ પ્રેમે હૃદયસંગીત,
રાગીણી થઈ ભીતરે લય ફૂટે.

અરૂણાબેન ત્રિવેદી,અમદાવાદ

---------------------------------------

NOG સાહિત્ય સરિતા (૧)
NOG SS No. - 0039
પ્રકાર -પદ્ય -અછાંદસ
શબ્દ -- રાગ, રાગીણી
શીર્ષક -- જીવનવીણા

સંગીતનાં તો સાત સૂર
જીવન સરગમનાં કેટલાં સૂર?
જિંદગી તારા રાગ કેટલાં?
લય કેટલા ને સાજ કેટલા?
રાગ પૂર્વી છેડે ઉગતો સૂરજ!
દિવસ-રાત્રીની અનુપમ રાગીણી!
ભીનાં કે સૂકાં સૂર વહાવે લાગણી!
અનેરો લય એનો, સંગીત અદ્ભૂત!
સાજ સજાવ્યાં સાજીંદાઓએ!
રાગ બેસાડ્યાં રાગીણીઓએ!
સમયનું સુમધુર સંગીત સુરીલું!
ખીજાય તો છેડે એ સાવ બેસુરું!
આવ્યો ફાગણ ને ખીલી પ્રકૃતિ!
વાસંતી ગીતો સંભળાય કણકણમાં,
સજાવ્યાં વૃક્ષોએ લીલાછમ્મ તોરણ!
બોગનવેલની રંગબેરંગી ઝૂલતી ઝૂલો,
સરગમ ગાય વહેતા વાયરાની સંગે!
ટહુકે કોયલ ઉગતા સૂરજની સાખે!
મનોહર મોરલો રૂડી ઢેલ સંગ નાચે!
વાતો વાયરો ગાય ગીતડાં મધમીઠાં!
ગુલમહોર સંગ ફાગ ખેલે કેસૂડો!
અવસાદ હટાવી ભરી દે ખુશીઓ!
હરિયાળી ધરા કેવાં ગીતડાં ગાતી!
ભીજાય મન ભીની લાગણીઓથી!
આથમતી સંધ્યા છેડે તડપનાં સૂર!
તારાભરી રાત છેડે મધુર મિલનના સૂર!
રૂમઝૂમ ઝાંઝર રણઝણાવે પીયુનું મન!
સાજન સાજનીનું થાય મલ્હારી મિલન.
જીવનવીણા છેડે ખુશીઓનાં સૂર!
ક્યારેક રડાવે વહાવી દર્દનાં સૂર!
જીવન છે મધુરું સંગીત સાત સૂરનું!
રેલાવે નર-નારીનાં પ્રેમની રાગીણી!

પ્રફુલ્લા "પ્રસન્ના",અમદાવાદ

---------------------------------------

NOG SS No: 0099
પ્રકારઃ પદ્ય
શીર્ષકઃ રાગ-રાગિણી

જીવન સંગીતની વીણાની હું રાગિણી ,
તું રાગ .
તું મારા પ્રણયનો દીપાવે રૂડો બાગ,
તેમાં આનંદ માણે કોયલ અને કાગ ,
વળી હંસો કહે કે, એમાં મારો ભાગ ,
ટોળે વળી વેલીઓ ચાચશે પછી ફાગ,
જીવન સંગીતની વીણાની હું ,
રાગિણી તું રાગ.
અરુણના આગમન પહેલાં જ તું જાગ,
કુદરત પાસે તું કેવળ પ્રકાશનો પુંજ માગ,
ધૃણા કરમાઈ પછી તું કર ઈર્ષ્યાનો ત્યાગ,
ઓલવાઈ જશે આપમેળે વેરઝેરની આગ
જીવન સંગીતની વીણાની હું રાગિણી ,
તું રાગ.

ભાવનાબેન મિસ્ત્રી ''અભય' (વલસાડ)

---------------------------------------

NOG SS No : 0015
વિષયઃ- રાગ- રાગિણી
વિભાગઃ-પદ્ય
પ્રકારઃ- એકાવનાક્ષરી કાવ્ય
શીર્ષકઃ- હું બનું - તું થા

હું બનુ રાગ તારો,
તું થા રાગિણીની સરગમ.
હું બનું તાલ તારો,
તું થા ઝાંઝરિયું છમછમ.
હું બનું સાથ તારો,
તું થા લાગણીઓ હરદમ.

મેહુલ ત્રિવેદી (ઘાયલ મેઘ) ખેરાળી

## ઉનાળાની સીઝન શરૂ થતાની સાથે જ જીલ્લા તેમજ તાલુકા મથક પર માટલાનું વેચાણ



બનાસકાંઠા બ્યુરો ગૌરવ પુરોહિત

વડગામ શહેરના હાઈવે વિસ્તાર પાસે ગરીબોનું બેલું ગણાતું માટલાની અવ નવી ડિઝાઈનમાં દેશી લાલ માટલાં સાથે સફેદ માટલાનું પણ વેંચાણ થતું હોય છે. આ સફેદ માટલાં પર વિવિધ રંગો વડે થતાં પેઈન્ટિંગ કિચનની શોભામાં વધારો કરે છે. આ સફેદ માટલાને કોઈપણ પ્રકારના હાનિકારક કેમિકલમાંથી બનાવવામાં આવતું નથી, પરંતુ સફેદ માટલાએ સામાન્ય રીતે લાલ માટલા જેવી માટીમાંથી જ બનાવવામાં આવે છે. આ માટલાને ખૂબ ઊંચા તાપમાને ગરમ કરવામાં આવે છે. જેથી કરીને માટલાનો રંગ કુદરતી રીતે સફેદ થઇ જાય છે, સાથેસાથે તેની અંદર ખૂબજ પોરોસીટી વધી જાય છે. આથી આવા માટલાની અંદર જો પાણી ભરીને રાખવામાં આવે તો, તેના કારણે તેની અંદર રહેલા છિદ્રો પાણીને ખૂબ ઝડપથી ઠંડુ કરી દે છે, સાથે જ સફેદ માટલાની અંદર ભરેલું પાણી પ્રમાણમાં અન્ય માટલા કરતાં વધારે ઠંડુ રહે છે.

## કોરોનાના કેસ વધતા આર્યુવેદ અને હોમીઓપેથી દવાની ડિમાન્ડ ૩૦ ટકા વધી

અમદાવાદ,તા.૮

કોરોનાનું સંક્રમણ વધતા ફરી આર્યુવેદ અને હોમીઓપેથીની દવાઓની માંગમાં વધારો થયો છે. ગત વર્ષે કોરોનાના સંક્રમણના કારણે આર્યુવેદીક અને હોમીઓપેથી દવાઓની ૧૦૦ ટકા માંગ વધી હતી. છેલ્લા કેટલાક દિવસથી કોરોનાના કેસમાં એકાએક ઉછાળો આવ્યો છે. જેને પગલે હાલ આર્યુવેદીક અને હોમીઓપેથી દવાઓની હાલ ૩૦ ટકા ડિમાન્ડ વધી છે. આયુર્વેદિક દવાઓ અને હોમીઓપેથીક દવાઓ સ્વાસ્થ્ય વર્ધક હોય છે. આયુર્વેદિક ઉકાળા શરીર રોગપ્રતિકારક શક્તિ વધારવાનું કામ કરે છે. ત્યારે કોરોનાનું સંક્રમણ વધતા લોકો ફરી આર્યુવેદ અને હોમીઓપેથી દવા તરફ વળ્યા છે.

હાલમાં આર્યુવેદીક અને હોમીઓપેથી દવાઓની માંગ વધી છે. ગત વર્ષે કોરોના સંક્રમણ સમયે લોકોનો આર્યુવેદીક અને હોમીઓપેથી દવાઓ પર વિશ્વાસ વધ્યો હતો અને તેની ખૂબ જ વધુ માંગ વધી હતી. ઠેરઠેર લોકોને સ્વૈચ્છિક સંસ્થાઓ દ્વારા આયુર્વેદિક ઉકાળાનું વિતરણ કરવામાં પણ આવતું હતું. પરંતુ જેમ જેમ થોડા સમય બાદ કોરોનાના કેસો ઘટતાં આયુર્વેદિક અને હોમિયોપેથી દવાઓનો વપરાશ ઘટ્યો હતો. પરંતુ ફરી કોરોનાના કેસો વધતા આયુર્વેદિક અને હોમિયોપેથીની દવાની માગ વધી છે.

અમદાવાદ સોલા સિવિલ હોસ્પિટલમાં ફરજ બજાવતા હોમીઓપેથીક ડો.પલ્લવ દેસાઈ જણાવે છે કે હાલ ફરી કેસ વધવા માંડ્યા છે. જેથી હોમીઓપેથીક અને આયુર્વેદ દવાઓમાં ૩૦ ટકા માંગ ફરી વધી છે. જેમાં ઈમ્યુનિટી વધારવા આયુર્વેદિક ઉકાળા અને હોમિયોપેથીમાં આરસેનિકમ આલ્બમ ૩૦ ની ડિમાન્ડ વધી છે. આ દવાના ગત વર્ષે ૨ કરોડ પેકેટ લોકો સુધી પહોંચાડવામાં આવ્યા હતા. હાલ ફરી ડિમાન્ડ વધતા ૩ લાખ પેકેટ દવાઓનો જથ્થો તૈયાર રાખવામાં આવ્યો છે. એટલું જ નહીં કેટલીક સ્વૈચ્છિક સંસ્થાઓ ફરી અમારો સંપર્ક કરી રહી છે અને ઉકાળાના પેકેટ વિતરણ કરવા માટે માગણી કરી છે.

મહત્વનું છે કે ગત વર્ષે એપ્રિલ, મે અને જૂન મહિનામાં કોરોનાના સૌથી વધુ કેસ હતા. હાલ ફરી એપ્રિલ શરુ થતા કેસમાં ધરખમ ઉછાળો આવતા સોસાયટીમાં આર્યુવેદીક ઉકાળા અને હોમીઓપેથીક દવાઓનું વિતરણ કરવાની તૈયારી થઈ રહી છે.

### ગાંધીનગરમાં તંત્રને ચુંટણીની ચિંતા, લોકો મોતનાં મો માં ધકેલાઈ રહ્યા છે

# નાના એવાં ખોરજ ગામમાં કોરોનાનાં ૨૦૦થી વધું પોઝીટીવ કેસ ,ગામનાં તલાટી અને વોર્ડ-૧૧ નાં બે ઉમેદવાર પણ પોઝીટીવ



આશિષ ભટ્ટ દ્વારા-ગાંધીનગર:

ગાંધીનગર જિલ્લામાં દરરોજ કોરોના પોઝીટીવનાં કેસ સતત વધી રહ્યા છે. હાલમાં ગાંધીનગર મહાનગરપાલિકાની ચૂંટણી હોવાથી કોરોનાનાં આંકડા છુપાવવામાં આવતાં હોવાનું લોક મુખે ચર્ચાઈ રહ્યું છે. ત્યારે ગાંધીનગરનાં ખોરજ ગામનાં પૂર્વ સરપંચનાં જણાવ્યાં પ્રમાણે ગામમાં ૨૦૦થી વધું પોઝીટીવ કેસ હોય તંત્ર દ્વારા લોકડાઉન જાહેર કરવામાં આવે એવી માંગ ઉઠવા પામી છે. ગાંધીનગર મહાનગરપાલિકામાં આવતાં ખોરજ ગામમાં ૨૦૦થી વધું કોરોના પોઝીટીવ કેસ હોવાથી ગામનાં પૂર્વ સરપંચ ભરતભાઈ એન. પટેલ સહિત ગ્રામજનો દ્વારા એવી રજૂઆત કરવામાં આવી રહી છે કે, ગામમાં ૬૦ જેટલાં અને સોસાયટી વિસ્તારમાં થઈ ૨૦૦થી વધું પોઝીટીવ કેસ હોવાથી તંત્ર દ્વારા આ ગામમાં કોરોનાની ગાઈડલાઈનનું ચુસ્તપણે પાલન કરાવવામાં આવે અને કોરોનાનાં સરકારી આંકડાઓ ખોટાં હોય ગામમાં માત્ર બે જ પોઝીટીવ કેસ બતાવવામાં આવી રહ્યા છે. પરંતુ હકીકત કંઈક જુદી જ છે. કેમકે ગામનાં તલાટી મંત્રી, વોર્ડ-૧૧ નાં બે ઉમેદવાર પોઝીટીવ આવ્યા છે. અને ગામમાં ચૂંટણીને લઈને રાજકીય રેલીઓ અને કાર્યક્રમમાં સોશિયલ ડિસ્ટન્સ જળવાતું ન હોવાથી કોરોના મામલે ગામની સ્થિતિ ખુબજ ગંભીર છે. અને જો આ મામલે કોઈ તકેદારીનાં પગલાં નહીં ભરવામાં આવે તો ઘણાં લોકોનાં જીવ જોખમમાં મુકાશે.

ગામમાં ૧૫,૦૦૦ ની વસ્તી પણ કોરોના ટેસ્ટ માટે ઉવાસદ જવું પડે છે.

ગામ લોકોએ તંત્ર સમક્ષ રજૂઆત કરતાં ગાંધીનગર મનપાના આરોગ્ય વિભાગે હાથ ઉંચા કરી લીધા હોવાનું ગ્રામજનો કહીં રહ્યા છે. પહેલાં પંચાયત હોવાથી ગામનાં આગેવાનો નિર્ણય લઈ શકતાં હતાં પરંતુ અત્યારે ગામનો વહીવટ ગાંધીનગર મહાનગરપાલિકા પાસે હોવાથી લોકોની રજૂઆત કોઇ સાંભળતું નથી અને ગ્રામજનોએ કોરોના ટેસ્ટ માટે ઉવાસદ જવું પડી રહ્યું છે.

સોસાયટી વિસ્તારમાં કોરોના વકર્યો

ખોરજ ગામમાં ૨૦૦થી વધું પોઝીટીવ કેસ હોવાનું પૂર્વ સરપંચ જણાવી રહ્યા છે જેમાં ગામની અંબિકાનગર સોસાયટી ૩૫થી૪૦, ગાલા સોસાયટી ૩૫થી૪૦, માધવ બંગ્લોઝ ૧૦થી૧૫, ઉમિયાનગર ૧૦થી૧૫, પેસેફિકા સોસાયટીમાં ૪૦ થી વધુ અને ગામમાં ૬૦ થી વધુ કોરોનાનાં પોઝીટીવ કેસ હોવાથી ગામમાં લોકડાઉન જરૂરી બન્યું છે.

ચૂંટણી જરૂરી કે લોકોનાં જીવ ? : પૂર્વ સરપંચ

ગામમાં હમણાં જ કોરોનાથી ૮૫ વર્ષનાં વૃધ્ધનું મોત થયું છે. ગામનાં ૨૦૦થી વધું પોઝીટીવ કેસ છે પણ ચૂંટણીનાં કારણે કોરોનાની ગાઇડલાઇનનું ચુસ્તપણે પાલન ન થતું હોવાથી ગામની સ્થિતિ ખુબજ ગંભીર છે. ગામનાં પૂર્વ સરપંચ ભરતભાઈ એન. પટેલ કહીં રહ્યા છે કે, ચૂંટણી સામે વાંધો નથી પણ જે પરિસ્થિતિ સર્જાઇ છે તેને પહોંચી વળવા રાજકીય રેલીઓ બંધ થવી જોઈએ, ગ્રામજનોએ લગ્ન સહિતનાં પ્રસંગો બે પરિવારનાં સભ્યોએ મળી સાદગીપૂર્ણ કરી લેવા જોઈએ અને તંત્ર દ્વારા ગામમાં કોરોનાની ગાઇડલાઇનનું ચુસ્તપણે પાલન કરાવવું જોઈએ.

## ગુજરાતની કફોડી સ્થિતિ છતા રૂપાણી સરકાર ચૂંટણી મુદ્દે અડીયલ

ગાંધીનગર,તા.૮

ગુજરાત સહિત ચાર મહાનગરોમાં જે પ્રકારે કોરોનાની સ્થિતી વકરી રહી છે તેના કારણે નાગરિકોની સ્થિતી ખુબ જ કફોડી બની છે. નાગરિકો સરકારી તંત્રથી ત્રાહીમામ પોકારી ઉઠ્યા છે. ન તો યોગ્ય રીતે ટેસ્ટિંગ થઇ રહ્યા છે, ન તો યોગ્ય રીતે સારવાર મળી રહી છે અને ન તો મર્યા પછી યોગ્ય પ્રકારે અંતિમ સંસ્કાર. તમામ જગ્યાએ લાઇનો અને અરાજકતા વ્યાપી છે. તેવામાં સરકારી તંત્ર સામે નાગરિકોમાં ખુબ જ રોષ જોવા મળી રહ્યો છે.

જો કે બીજી તરફ સરકાર પણ બેશરમીની તમામ હદો પાર કરી રહી હોય તે પ્રકારે સરકારના મંત્રીઓ પોતાના મત વિસ્તારનાં નાગરિકોની ખોજ ખબર લેવાના બદલે ગાંધીનગરમાં સ્થાનિક સ્વરાજ્યની ચૂંટણી અને મોરડવા હડફની પેટા ચૂંટણીમાં વ્યસ્ત છે. અલગ અલગ સ્થળો પર પ્રચાર પ્રસાર કરી રહ્યા છે. લોકોને સોશિયલ ડિસ્ટન્સિંગ અને કોરોના ગાઇડ લાઇનની સુફિયાણી સલાહો આપનારા ભાજપનાં નેતાઓ પ્રચાર વખતે તમામ નિયમો ભુલીને રેલીઓ અને સભાઓ યોજી રહ્યા છે. જેના કારણે નાગરિકોમાં ખુબ જ રોષ વ્યાપી રહ્યો છે.

તેવામાં શું આવા સમયે યોજવી યોગ્ય છે? શું સરકાર કે તંત્ર કોઇને પણ આ સ્થિતી વિશે ભાન નથી. એક તરફ વર્ષોથી લટકેલી પરીક્ષાઓ માંડ માંડ પાટે ચડી પરંતુ તેને કોરોનાને નામે રદ કરનારી સરકાર શું ચૂંટણી રદ નથી કરી શકતી. શું ચૂંટણી પંચને ચૂંટણી રદ કરવા માટેની અપીલ નથી કરી શકતી કે પછી સરકારની મંશા જ ચૂંટણી રદ કરવા અંગેની નથી.

## અમદાવાદમાં કોરોનાની સ્થિતિ બગડી: ખાનગી હોસ્પિ.ને ૫૦ ટકા બેડ રિઝર્વ રાખવા આદેશ



અમદાવાદ,તા.૮

અમદાવાદમાં એકબાજુ કોરોનાની સ્થિતિ બગડી રહી છે. અને સો.મીડિયામાં સિવિલ હોસ્પિટલ બહાર એમ્બ્યુલન્સની લાંબી લાંબી લાઈનોનાં વીડિયો વાઈરલ થઈ રહ્યા છે. તો બીજી બાજુ હોસ્પિટલો પણ કોરોનાનાં દર્દીઓથી ઉભરાઈ રહી છે. અને હવે કદાચ એવી પરિસ્થિતિ આવી શકે છે હોસ્પિટલો હાઉસફૂલ પણ થઈ જાય. તેવામાં કોરોનાની વકરતી સ્થિતિને જોતાં એએમસીએ ખાનગી હોસ્પિટલને ૫૦ ટકા બેડ રિઝર્વ રાખવા માટે આદેશ કર્યો છે.

અમદાવાદમાં કોરોનાની સ્થિતિ ચિંતાજનક સ્તરે છે. અમદાવાદમાં હવે દૈનિક ૮૦૦થી પણ વધારે કોરોનાનાં કેસો નોંધાઈ રહ્યા છે. જેને કારણે અમદાવાદમાં હોસ્પિટલો હાઉસફૂલ થવા જઈ રહી છે. ખાનગી હોસ્પિટલો ભરાઈ પણ ચૂકી છે. તેવામાં આગામી સમયમાં વધતાં જતાં કોરોના સંક્રમણને ધ્યાને લઈ અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશન દ્વારા ખાનગી હોસ્પિટલોને ૫૦ ટકા બેડ રિઝર્વ રાખવા માટે આદેશ કરવામાં આવ્યો છે.ખાનગી હોસ્પિટલોને હવે ૫૦ ટકા બેડ કોવિડ દર્દીઓ માટે રિઝર્વ રાખવા પડશે. આ ઉપરાંતના ૫૦ ટકા બેડ હોસ્પિટલ પોતાના ઉપયોગ માટે લઈ શકશે. એએમસીના આ નિર્ણયને કારણે ૧૮ હોસ્પિટલમાં ૧૨૧૯ બેડનો ફાયદો થશે.

## દેડીયાપાડા મોઝદા રોડ સેન્ટઝેવિયર્સ કેમ્પસ સ્કૂલના દરવાજાની સામે ઇકો કાર અને મોટરસાયકલ અકસ્માતમાં એકનું મોત

રાજપીપળા,તા.૮

દેડીયાપાડા મોઝદા રોડ સેન્ટઝેવિયર્સ કેમ્પસ સ્કૂલના દરવાજાની સામે મેન રોડ પર ઈકો કાર અને મોટરસાયકલ અકસ્માતમાં એકનું મોત થયું છે.આ અંગે દેડીયાપાડા પોલીસ મથકે ફરિયાદી ભારજીભાઈ ઓલિયાભાઈ વસાવા (રહે,બેસણા) એ આરોપી ઈકો ગાડી નંબર જીજે ૨૨ એચ ૨૨૭૫ના ચાલક સામે ફરિયાદ કરી છે.

ફરિયાદની વિગતો મુજબ ઈકો ગાડી નંબર જીજે ૨૨ એચ ૨૨૭૫ના ચાલકે પોતાના કબજાની ગાડી તા.૭/૪/૨૧ ના રોજ બેસણા ગામ અને દેડીયાપાડા ગામ વચ્ચે રસ્તામાં સેન્ટ ઝેવિયર્સ સ્કૂલના દરવાજાની સામે ગાડી પૂરઝડપે અને ગફલતભરી રીતે સામે રોંગ સાઈડે હંકારી લાવી મહેશભાઈ ભારજીભાઈ વસાવા (ઉં.વ.૩૪ રહે, બેસણા )ની હોન્ડા સાઈન મોટરસાયકલ નંબર જીજે ૨૨ એલ ૦૩૨૬ સાથે એકદમ જોરથી અથાડી અકસ્માત કરેલ જેમાં મહેશભાઈને મોટરસાયકલ સાથે રોડ ઉપર પાડી દેતા તેમના શરીરે ગંભીર ઈજા તથા લોહીલુહાણ થઇ જતા તેમનું સારવાર દરમિયાન મોત નીપજયું હતું. મોટરસાયકલ નુકસાન કરી ઈકો ગાડીમાં બેસેલ સાહેદોને શરીરે નાનીમોટી ઈજાઓ થવા પામી હતી તથા ઈકો ગાડીને નુકસાન કરી ગાડી મૂકી ચાલક નાસી જતા તેની સામે પોલીસે અકસ્માત મોતનો ગુનો નોંધી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે. રિપોર્ટ : જ્યોતિ જગતાપ, રાજપીપળા

## સરકારમાં કોરોના, શિક્ષણમંત્રી ભૂપેન્દ્રસિંહ, બે ધારાસભ્ય અનેસંક્રમિત

ગાંધીનગર, તા.૮

ગુજરાતમાં કોરોના કહેર બનીને વર્તાઈ રહ્યો છે. રાજ્યમાં ગઈકાલે રેકોર્ડબ્રેક કેસો નોંધાયા હતા. રાજ્યમાં મંત્રીઓ તથા ધારાસભ્યો કોરોના સંક્રમિત આવી રહ્યા હતા. હવે શિક્ષણમંત્રી ભૂપેન્દ્રસિંહ ચૂડાસમા અને ભાજપના નેતા આઈ.કે.જાડેજાને પણ કોરોના પોઝિટિવ આવ્યો છે. તબીબી સલાહ પ્રમાણે, તેમને હાલ અમદાવાદ ખાતેની યુ.એન.મહેતા હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યા છે. એ ઉપરાંત IAS પંકજ કુમાર અને તેમનો પરિવાર પણ કોરોનાની ઝપેટમાં આવ્યો છે. તેઓ પણ યુ.એન.મહેતા હોસ્પિટલમાં સારવાર અર્થે દાખલ થયાં છે. ગુજરાતના વધુ એક કેન્દ્રિય મંત્રી અને બે ધારાસભ્યો કોરોના સંક્રમિત બન્યા છે. રાજ્યના શિક્ષણમંત્રી ભૂપેન્દ્રસિંહ ચૂડાસમાં કોરોના સંક્રમિત બન્યા છે અને તેમનો કોરોના રિપોર્ટ પોઝિટિવ આવ્યો છે. આ સિવાય રાજ્ય સરકારના વધુ એક મંત્રી કોરોના પોઝિટિવ આવતા ફફડાટ ફેલાયો છે.

## કલેકટરે સરકારી અધિકારી કર્મચારીઓની રજા રદ કરી

# મોડાસા :કોરોના કહેર ત્રણ દર્દીઓની એક સાથે PPE કીટ પહેરી અંતિમવિધિથી હાહાકાર



અરવલ્લી બ્યુરો મઠવાસ

અરવલ્લી જીલ્લા સહીત મોડાસા શહેરમાં કોરોના સતત વધી રહેલા કોરોના કેસની વચ્ચે કોરોના સંક્રમણની સ્થિતિ કાબૂ બહાર જઈ રહી હોવાનું દેખાઈ આવે છે.છેલ્લા ત્રણ દિવસમાં કોરોના સંક્રમણ કૂદકે ને ભૂસકે વધી રહ્યું છે સરકારી ચોપડે કોરોના સંક્રમણ અને મોતના આંકડાની ગોલમાલ થઇ રહી હોવાના દ્રશ્યો મોડાસા શહેરમાં આવેલ સ્મશાનમાં જોવા મળ્યા હતા જેમાં એક સાથે ત્રણ ત્રણ કોરોનાગ્રસ્ત દર્દીઓની અંતિમવિધિ સરકારી ગાઈડલાઈન પ્રમાણે આરોગ્યતંત્રના કર્મચારીઓની ઉપસ્થિતી વચ્ચે પીપીઈ કીટ પહેરીને કરવામાં આવતા રોડ પરથી પસાર થતા વાહનચાલકો અને લોકો પણ ફફડી ઉઠ્યા હતા મોડાસાના દુઘરવાડા અને મેઘરજના ઈસરી પંથકની મહિલાને કોરોના ભરખી જતા લોકોમાં કોરોનાનો ભય જોવા મળી રહ્યો છે મોડાસા શહેરના સ્મશાનમાં મહાનગરો જેવી સ્ફોટક સ્થીતી જોવા મળી રહી છે જીલ્લાવાસીઓ તેમના સ્વજનની અંતિમવિધિ માટે લાઈનમાં ઉભા રહેવું પડે તેવી સ્થીતીનું નિર્માણ થઇ રહ્યું છે

અરવલ્લી જીલ્લા કલેકટરે જીલ્લાના શહેરી અને ગ્રામ્ય વિસ્તારોમાં કોરોનાનું સંકર્મણ રોકેટ ગતિએ વધતા બેકાબુ બહાર થઇ રહેલી સ્થીતીને પહોંચી વળવા માટે જીલ્લામાં ફરજ બજાવતા તમામ સરકારી અધિકારીઓ અને કર્મચારીઓની રજા રદ કરી દેવામાં આવી છે જો કોઈ અધિકારી કે કર્મચારીએ અગાઉથી સક્ષમ અધિકારી કે વિભાગ તરફથી મંજુર થયેલ રજા પણ આપોઆપ રદ કરવાનો પરિપત્ર જાહેર કરી તાત્કાલિક અસરથી ફરજ પરનાં સ્થળે હાજર થવા તાકીદ કરી છે અને જીલ્લા કલેકટરની પૂર્વ મંજૂરી વગર કોઈ પણ અધિકારીએ રજા નહીં લેવા કાળજી રાખવાનો આદેશ કર્યો છે જીલ્લા કલેકટરે લીધેલા નિર્ણયથી સરકારી અધિકારીઓ અને કર્મચારીઓ પણ જીલ્લામાં કોરોનાનું સંક્રમણની સ્થીતી ભયજનક રીતે આગળ વધી રહી હોવાનું જણાવી રહ્યા છે

અરવલ્લી જિલ્લામાં દિન-પ્રતિદિન કોરોનાનું સંક્રમણ વધવા પામ્યું છે. દિન-પ્રતિદિન વધતા જતા કેસોને પગલે તંત્રની ચિંતાઓ વધવા પામી છે. જિલ્લામાંથી સતત કોરોના પોઝીટીવ કેસો મળી આવતા તંત્રની ચિંતાઓ વધવા પામી છે અને નાગરિકોમાં પણ ભયની લાગણી વ્યાપી ગઈ છે. વધી રહેલા સંક્રમણને જોતા કેટલાક ગામોમાં સ્વૈચ્છિક લોકડાઉન અમલી બનાવાયું છે ત્યારે નાગરિકોને સાવચેતી રાખવા તંત્રએ અપીલ કરી છે.

## રાજપીપલામા કોરોના સંક્રમિત થયેલા કુલ ૪૯ જેટલા પરિવારને

# સવાર અને સાંજનું વિના મુલ્યે ભોજન પૂરું પાડતા બર્કે ફાઉન્ડેશન પરિવારની અનોખી સેવા

રાજપીપલા, તા. ૮

નર્મદામા કોરોના કેસો સતત વધી રહ્યા છે.ત્રણના મોત પણ થયા છે. ત્યારે લોકોમા ચિંતાનો વિષય બન્યો છે ત્યારે ખાસ કરીને કેટલાક એવા પરિવારો છે. જેમાં આખો પરિવાર કોરોનાગ્રસ્ત બન્યો છે. આવા પરિવારોમા મોટાં ભાગના હોમ કોરન્ટાઈન થયા છે.ત્યારે તેમનામાટે બે ટાઈમ જમવાનું બનાવવાનું મુશ્કેલ થઈ પડ્યું છે.કોરોના સંકર્મણના ડર ને કારણે પાડોશીઓ કે સગા સંબન્ધિઓ પણ ભોજન કે ટિફિન પહોંચાડી શકતા નથી. આવા કપરા સમયે રાજપીપલાની સેવાભાવી સંસ્થા બર્ક ફાઉન્ડેશનનો સેવાભાવી પરિવાર મદદે આવ્યો છે.



રાજપીપલામા કોરોના સંક્રમિત થયેલા કુલ ૪૯જેટલા પુરા પરિવારને સવાર અને સાંજનું વિનામુલ્યે જમવાનું બર્કે ફાઉન્ડેશન દ્વારા આપવામાં આવે છે. સાથે સાથે ૬૦ થી ૭૦જેટલા અન્ય જરૂરતમંદોને પણ વિનામુલ્યે આપવામાં આવે છે.રોજ કોવીડ ૧૯ના પરિવારના લગભગ દસ ફોન આવે છે.અમારે ત્યાં પણ જમવાનું આપો.અમે તે જ મિનિટે તેમને પૂછે છેતમારું એડ્રેસ આપો. અમેં જમવાનું પૂરું પાડીએ છીએ. દાળ, ભાત, શાક, રોટલી કચુંબર, સાથેનો પૌષ્ટિક આહાર આપીએ છીએ. તેઓની જલ્દીથી રિકવરી આવી જાય.એ માટે રોજ સવાર સાંજનો મેનુ અલગ અલગ હોય છે.તાજુ ગરમાગરમ જમવાનું પહોંચાડવામાં આવે છે.અને સાથે કોઈને બીજી ફળ,બિસ્કીટ, દૂધ,દવા વગેરેની જરૂર હોય તો અમેતે પણ તાત્કાલિક પહોચતું કરીએ છીએ. અમારો ફોન ચોવીસ કલાક ચાલુ હોય છે.

સાંભળીને નવાઈ લાગશે કે બર્ક પરિવારના જ્યોર્જ બર્કે જણાવ્યું હતું કે બપોરે અને સાંજે ૪૯ પરિવારના જમ્યા પછી જ અમે જઈએ છીએ.એમની જમ્યા પછી જમવાનો આનંદ કંઈક વિશેષ હોય છે.અમારું માનવું છે આ સમય છે લોકોની મદદ કરવાનો. કોરોના કપરા કાળમાં કોઈ એક બીજાનું મોઢું પણ જોતા નથી. એવા સંજોગો

મા એમને અમારી ભોજન સેવા પુરી પાડ્યાનો વિશેષ આનંદ છે. કોરોના દર્દીઓ ની સેવા કરવાનો આના કરતા ઉત્તમ સમય મને બીજો કોઈ નથી લાગતો.

કપરા સમયમાં મદદરૂપ કેવી રીતે થવું એ આ બર્ક પરિવાર પાસેથી શીખવા જેવું છે. અન્ય લોકો અને સંસ્થાઓ માટે બર્ક પરિવારનીસેવા કોરોના અને જરૂરિયાતમંદો માટે પ્રેરણારૂપ જરૂર બન્યા છે.

તસવીર : જ્યોતિ જગતાપ, રાજપીપલા

# નાંદોદ તાલુકાના પલસી ગામે જુગારની રેડ,દસ જુગારીયો ઝડપાયા

રાજપીપલા,તા. ૮

નાંદોદ તાલુકાના પલસી ગામે જુગારની રેડ કરતાં દસ જુગારીયાઓ ઝડપાયા છે. જેમાં રોકડ રકમ ૧૮૭૪૦ /- સહિત કિ.રૂ. ૮૦૨૪૦/- મુદ્દામાલ એલસીબી પોલીસે ઝડપી લઈ કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

જેમાં રાજપીપળા પોલીસ સ્ટેશનમાં ફરિયાદી અહેકો વિજયભાઈ ગુલાબસિંગ નર્મદા પોલીસ એ માણસો સાથે રેડ કરતા દસ ઈસમો નામે ઈસલાભાઈ ભીમાભાઈ વસાવા,સતિશભાઈ મોઘાભાઈ વસાવા,સુરેન્દ્રભાઈ નરપતભાઈ વસાવા, મુકેશભાઈ શંકરભાઈ વસાવા,દીનેશભાઈ ગોરધનભાઈ વસાવા તમામ (રહે. પલસી ), મનહરભાઈ જાનીયાભાઈ વસાવા, દિલીપભાઈ જેસીંગભાઈ વસાવા, સુમનભાઈ દેવનભાઈ વસાવા (રહે. નિશાળ ફળિયુ મોટી ભમરી), દશરથભાઈ ભયલાલભાઈ વસાવા (રહે.બિતાડા), ફુલસિંગભાઈ ગેલાભાઈ વસાવા (રહે. ગાડીત) સામે ફરિયાદ કરી છે.

ફરિયાદની વિગત મુજબ આ કામના પકડાયેલા આરોપીઓ પરથી ગામે નવીનગરી ખાતે રહેતા સુરેશભાઈ રાયસીંગભાઈ વસાવાના રહેણાંક મકાનની પાછળ ખુલ્લી જગ્યામાં મોબાઈલની લાઈટના અજવાળે ગેરકાયદેસર પત્તાપાનાનો હારજીતનો જુગાર રમી રમાડી દાવ પરના રોકડા રૂ.૬૪૪૦ તથા અંગઝડતીના રોકડ રૂ.૧૨૩૦૦/- તથા મોબાઈલ નંગ-૫ કિ.રૂ. ૧૧૫૦૦/- તથા મો.સા. નંગ-૨ કિ.રૂ. ૫૦૦૦૦/-મળી કુલ્લે મુદ્દામાલ કિ.રૂ. ૮૦૨૪૦/-ના સાથે પકડાઈ જઈ ગુનો કરતાં પોલીસે કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે .રિપોર્ટ : જ્યોતિ જગતાપ, રાજપીપલા

## વરઘોડા અને જમણવારમા રીતસરના સોશિયલ ડિસ્ટન્સના ધજાગરા,પોલીસની ગેરહાજરી!

# રાજપીપળામાં લગ્ન સમારોહમાં અને જાહેરમાં નીકળતા વરઘોડાઓમા માસ્ક વગર ફરતા જાનૈયાઓ કોરોના સંક્રમણ વધારવા માટે જવાબદાર!



### સામાન્ય લોકોને દંડ લેતી પોલીસ લગ્ન સમારંભોમા માસ્ક વગરનાને દંડ કેમ કરતી નથી!,તંત્રની બેજવાબદાર નીતિ સામે પ્રજામાં રોષ.

રાજપીપળા,તા.૮

રાજપીપળામાં કોરોનાના કેસ રોકેટ ગતિએ વધી રહ્યા છે. જેમાં અત્યાર સુધીમાં ગત સપ્તાહમાં ત્રણના મોત પણ થઈ ચૂક્યા છે.રોજના ૨૦ થી વધુ નવા કેસો નોંધાઈ રહ્યા છે. જેમાં સૌથી વધુ રાજપીપળામાં રોજે-રોજ જોવા મળી રહ્યા છે. ત્યારે રાજપીપળામાં કોરોના ના વધતા જતા કેસો ચિંતાનો વિષય બન્યા છે.

ત્યારે એક તરફ આરોગ્યતંત્ર,નગર પાલિકા અને પોલીસ તંત્ર માસ્ક પહેરવા, સોશિયલ ડિસ્ટન્સ રાખવા કડક સુચના આપે છે.અને દંડ પણ કરે છે તો બીજી તરફ રાજપીપળા સહિત નર્મદામાં લગ્ન પ્રસંગોની મોસમ પુરબહારમાં ખીલી ઉઠી છે. જેમાં ખાસ કરીને જમણવાર અને વરઘોડાના પ્રસંગોમાં કોવિડ ૧૯ ના જાહેરનામાનો ખુલ્લેઆમ ભંગ થતો જોવા મળી રહ્યો છે. ગઈકાલે ૭ મી એપ્રિલના રોજ રાત્રે ૧૨ વાગે સંતોષ ચાર રસ્તા પરથી જાહેરમાં નાચગાન બેન્ડવાજા સાથે બેરોકટોક વરઘોડો વાજતે ગાજતે નીકળ્યો હતો.

જેમાં મોટાભાગની મહિલાઓ સહિત જાનૈયાને માસ્ક વગરના ટોડા ચિંતા ઉપજાવે તેવા હતા. કોઈપણ જાતના સોસીયલ ડિસ્ટન્સ રાખ્યા વગર જાહેરમાં વરઘોડામાં નીકળેલા વરઘોડાને જોવા લોકોના ટોળા રોડની આજુબાજુમાં ભેગા થતા હતા.જે પણ કોરોના સ્પ્રેડ કરવા માટે જવાબદાર બન્યા હતા.ત્યારે આશ્ચર્યની વાત એ હતી કે આવા જાહેર વરઘોડા માટે મોટાભાગના લોકો માસ્ક પહેર્યા વગર નીકળતા લોકો સામે પગલાં લેવા પોલીસ ક્યાં ગઈ હતી ? કેમ એકને પણ દંડ કર્યો નહીં ? કેમ એમની સામે કોવિડના જાહેરનામા ભંગની કાર્યવાહી હાથ પોલીસે ધરી નહીં. રાજપીપળામાં માત્ર ઓટલા પર બેસેલા માસ્ક વગરના લોકોને પોલીસ ગલીમાં જઈને ૧૦૦૦ રૂપિયાનો દંડ ફટકારતી હોય તો આવા લગ્ન પ્રસંગમાં જાહેર મેળાવડાઓમાં મારા વગર ફરતા લોકોને દંડ કેમ નથી ફટકારતી ? પ્રજા સાથે વહાલા-દવલાની નીતિ પોલીસ કેમ અપનાવે છે.તે લોકો ચર્ચાનો વિષય બન્યો છે.તો આવા કોરોના સંક્રમણ ફેલાવતા જાહેર વરઘોડા કાઢવાની પરવાનગી કોણ આપે છે ?બે દિવસ પહેલા વડિયા ગામમાં પ્રાથમિક સ્કૂલ પાસે લગ્નના જમણવારમાં માનવ કિડીયારૂ ઉભરાયું હતું. ત્યાં પણ મોટાભાગના લોકો માસ્ક વગર દેખાતા હતા અને સોશિઅલ ડિસ્ટન્સીન્ગ જેવું તો કશું હતું જ નહીં. ત્યારે ત્યાં પણ પોલીસ ક્યાં ગઈ હતી અહીં જાહેરનામા ભંગ સામે માત્ર વગરના લોકો સામે પોલીસે દંડ કેમ ના વસૂલ્યો ? જવાબદારો સામે તંત્ર પગલા લે તેવી જનતાની માંગ છે. નહીંતર રાજપીપળામાં કોરોના નો વિસ્ફોટ થાય તો નવાઈ નહીં જિલ્લા કલેક્ટર અને જિલ્લા પોલીસ વડા આ દિશામાં ગંભીરતાથી કડક પગલા લે તેવી પ્રજા માંગ છે.

રિપોર્ટ : જ્યોતિ જગતાપ, રાજપીપળા

## સીવીલ હોસ્પિટલના અભાવે કોરોનાના દર્દીઓને હાલાકી

# સાર્વજનિક હોસ્પિટલમાં ઉભી કરાયેલ કોવીડ-૧૯ હોસ્પિટલ હાઉસફૂલ, દર્દીઓની કફોડી હાલત

અરવલ્લી બ્યુરો મઠવાસ

અરવલ્લી જીલ્લાની ભાજપ-કોંગ્રેસની નબળી નેતાગીરીને પગલે સાબરકાંઠા જીલ્લામાંથી અરવલ્લી જીલ્લાના નવનિર્માણના વર્ષો વીતવા છતાં પાયાગત અનેક સુવિધાઓથી વંચિત છે હાલ કોરોનાની કપરી સ્થિતિમાં કોરોનાગ્રસ્ત દર્દીઓએ સીવીલ હોસ્પિટલના અભાવે દર દર ભટકવું પડી રહ્યું છે કોરોનાના સંક્રમણને અટકાવવામાં નિષ્ફળ રહેલ આરોગ્ય અને વહીવટી તંત્ર આંકડાકીય માયાઝાળ રચી રહ્યું છે સરકારી ચોપડે કોરોનાના આંકડા છુપાવવામાં આવી રહ્યા હોવાની બૂમો ઉઠી રહી છે જીલ્લામાં કોરોનાનું સંક્રમણ વધતા તંત્રએ તાબડતોડ વધુ ૩૦ બેડની સુવિધા ઉભી કરવાની ફરજ પડી રહી છે જીલ્લામાં ૫૦૦ જેટલા દર્દીઓ કોરોનાની સારવાર લેવા માટે મોટા શહેરોમાં પહોંચ્યા છે અનેક દર્દીઓ કોરોનાની સમયસર સારવારના અભાવે પીડાઈ રહ્યા હોવાની બૂમો ઉઠી છે . અરવલ્લી જિલ્લામાં મોડાસા અને બાયડ શહેરમાં કોરોનાનું સંક્રમણ બેકાબુ થતાં વિકટ સ્થિતિ સર્જાઇ છે અને તંત્ર દ્વારા સંક્રમણ અટકાવવા માટેના પ્રયાસો કરવામાં આવે તેવી માંગ ઉઠી રહી છે. સરકાર કોરોના સંક્રમણના આંકડા છુપાવી રહી છે. ગત વર્ષે પૂરી પડાતી માહિતી આ વર્ષે તંત્ર આપતું નથી. પરંતુ તંત્રની આ ચૂપકીદી થી જિલ્લામાં સંક્રમણ વધી રહયું હોય એમ મનાઈ રહયું છે.જે વિસ્તાર કે જે વિસ્તારના લોકો સંક્રમીત બન્યા છે તેનાથી પ્રજા અજાણ છે અને સંક્રમણનો વ્યાપ વધે છે. કોરોનાનું સંક્રમણ હવે ગ્રામ્ય વિસ્તારોમાં ધીરે ધીરે વિકરાળ બની રહ્યું છે જેના પગલે એક્ટિવ દર્દીઓની સંખ્યા સતત વધી રહી છે બીજીબાજુ જીલ્લામાં સરકારી હોસ્પિટલના અભાવે જીલ્લામાં એક માત્ર રાજ્ય સરકાર કરાર આધારીત ઉભી કરાયેલી મોડાસા સાર્વજનિક હોસ્પિટલમાં કોરોનાગ્રસ્ત દર્દીઓ ઉભરાઈ રહ્યા છે હોસ્પિટલના તમામ બેડ ભરાઈ જતા દર્દીઓને હિંમતનગર અને અમદાવાદ સારવાર માટે ધકેલવામાં આવી રહ્યા હોવાનો આક્ષેપ દર્દીઓ કરી રહ્યા છે જીલ્લા તંત્રએ કોરોના સંક્રમિત અને કોરોનાના શંકાસ્પદ લક્ષણો ધરાવતા દર્દીઓ માટે વધુ ૩૦ બેડની સુવિધા ઉપલબ્ધ કરાવવા તંત્રએ તજવીજ હાથધરી છે . મોડાસા કોવીડ-૧૯ હોસ્પિટલમાં હાલ ૩૦ બેડની સુવિધા વધારવામાં આવતા હાલ કોરોનાગ્રસ્ત દર્દીઓ માટે ૮૦ બેડ ઉપલબદ્ધ થશે જેમાં ૪૮ બેડ માં ઓક્સિજનની સુવિધા હોવાની માહિતી આરોગ્ય સૂત્રો પાસેથી પ્રાપ્ત થઇ હતી મોડાસા કોવીડ-૧૯ હોસ્પિટલમાં દર્દીઓની તબીયત વધુ લથડે તો પૂરતી સુવિધા ઉપલબ્ધ ન હોવાથી તાબડતોડ અન્ય હોસ્પિટલમાં ખસેડી દેવામાં આવતા હોવાનું લોકમુખે ચર્ચાઈ રહ્યું છે જીલ્લામા આરોગ્ય તંત્ર સંપૂર્ણ નિષ્ફળ રહ્યું હોવાનું લોકો અહેસાસ અનુભવી રહ્યા છે



ગાંધીનગર મહાનગર પાલિકા માં ચૂંટણી પહેલા ભાજપની નીતિ રિતી પ્રમાણે તોડ ફોડ ની શરૂવાત.. કોંગ્રેસ તેમના લોકો ને સાચવી શકતી નથી અને ભાજપ ને તોડ ફોડ કર્યા વિના સત્તા પચતી નથી...ભાજપ ના શહેર પ્રમુખ રુચિર ભટ્ટ ઉમેદવાર સંજીવ મહેતા,ભાજપ ના યુવા કાર્યકર ઉરેન્ન પટેલ.દિવ્ય ત્રિવેદી દ્વારા રાજકીય કવા દાવા રૂપી મહેનત કરીને ચૂંટણી પ્રભારી અમિત ઠાકર તે.ભાજપ મીડિયા પ્રદેશ કનવિનર યજ્ઞેશ દવે સમક્ષ કોંગ્રેસ ના વોર્ડ નંબર ૩ માં પ્રમુખ બાલકૃષ્ણ જોશી ને ભાજપ પ્રવેશ કરાવી સંયુક્ત ખુશી વ્યક્ત કરતા નજરે પડે છે કે જાણે એક આતંકવાદી ને લાકડી લાવ્યા હોય તેવી ખુશી આ રાજકીય ચૂંટણી મેળાવડામાં દેખાઈ રહી છે. અત્યાર સુધી માં ભાજપ પાલિકા માં કોંગ્રેસ માં તોડ ફોડ કરી ને જ ભાજપ નું શાશન ટકાવી રાખ્યું છે .ક્યારેય ભાજપ ની સ્પષ્ટ બહુમતી શાશન લાયક ગાંધીનગર મહાનગર પાલિકા માં આવી નથી..અત્યાર સુધી માં ત્રણેય મેયર કોંગ્રેસ ના મેન્ડેડ ઉપર ચૂંટણી જીતીને ભાજપ માં પ્રલોભનો થી પક્ષ પલટો કરીને ભાજપ ના મેયર રહી ચૂક્યા છે. ભાજપ નો કાળો પક્ષ પલટા નો ઈતિહાસ ભુસ્વા પરિવર્તન ના નામે આ વખતે ૧૧ વોર્ડ માં બધા જ નવા ચહેરા ૪૪ ઉમેદવારો ને ભાજપે ટિકિટ આપી છે..જ્યારે કોંગ્રેસે પણ લગભગ મોટા ભાગના નવા ચહેરા મૂક્યા છે .અને આપ પાર્ટી પણ ૪૨ ઉમેદવારો ચૂંટણી માં ભાગ લઈ રહ્યા છે..કોંગ્રેસે પણ નાનો એવો પક્ષ પલ્ટો આપ ના એક ઉમેદવાર ને કોંગ્રેસ માં લાવી ને કર્યો છે..જેઓ કોંગ્રેસ ઉમેદવાર ના સમર્થન માં ઉમેદવારી પાછી ખેંચી હતી . એક હિ આગ જન ફરિયાદ.

# લાયન્સ ક્લબ શાહીબાગ દ્વારા પક્ષીઓ માટે પાણી પીવાના કુંડાના વિતરણનો કાર્યક્રમ




મનુષ્ય માટે જળ જેટલું જરૂરી અને ઉપયોગી છે એટલું જ ઉપયોગી પક્ષીઓ માટે પણ છે મનુષ્યને તો પાણી પોતાના ઘરમાં મળી રહે એવી વ્યવસ્થા કરવામાં આવેલી છે પણ પક્ષીઓને ગરમીની સીઝન ની અંદર પાણી પીવું હોય તો તકલીફ પડતી હોય છે અમદાવાદ જેવા શહેર મા ખુલ્લી જગ્યા બહુ ઓછી હોય છે જયાંથી પક્ષીઓ પાણી પીને પોતાનો તરસ છીપાવી શકે..

અમદાવાદ મા જાહેરમાં પાણી પી શકાય એવી જગ્યાઓ વધારે ઉપલબ્ધ ન હોવાથી પક્ષીઓ પાણી વિના ટળવળતા હોય છે અને એટલે લાયન્સ ક્લબ શાહીબાગ દ્વારા પક્ષીઓના પાણી પીવાના કુંડાના વિતરણ નો કાર્યક્રમ નવરંગપુરા,અનાર કોમ્લેક્સ ખાતે રાખવામાં આવેલ હતો. ઘણા બધા સ્કૂટર ચાલકો,કાર ચાલકો અને રાહદારીઓ એ પક્ષીઓના પાણી પીવાના કુંડા લઈ જઈને આ કાર્યક્રમ ને સફળ બનાવ્યો હતો અને આ બદલ લાયન્સ ક્લબ શાહીબાગ નો ખૂબ જ આભાર પણ માનતા હતા. આ પ્રસંગે લાયન્સ ક્લબ તરફથી શ્રી અમિતભાઈ શાહ તથા સંજયભાઈ પટેલ અને વિદ્યાનગર સ્કુલ ના ડો. હાર્દિકભાઈ અમીન ઉપસ્થિત રહ્યા હતા અને પક્ષોઓને પાણી પીવાના ૩૦૦ જેટલા કુંડા વિતરણ નો કાર્યક્રમ કરવામાં આવ્યો હતો

## કરો વાત હવે કોરોના ના દર્દીઓ બેરોકટોક બજારમાં ફરવા નીકળી જાય છે !

# તિલકવાડા બજારમાં કોરોના પોઝિટિવ દર્દી જાહેરમાં બહાર નીકળી જાહેરનામાનો ભંગ કરતા ફરિયાદ

### રાજપીપળામાં પણ પશુપતિનાથ કેબીન પાસે દસ થી વધારે લોકો ભેગા કરી જાહેરનામાનો ભંગ નો ગુનો કરતા ફરિયાદ.

રાજપીપળા,તા.૮

લો કરો વાત હવે નર્મદા માં કોરોનાના દર્દીઓ બેરોકટોક બજારમાં ફરવા નીકળી જાય છે !હોમ આઈસોલેશનના નામે દર્દીઓ ઘરે રહીને સારવાર કરે છે.પણ ઘરની બહાર પોલીસ ન હોવાથી સંક્રમિત દર્દીઓ બેરોકટોક બહાર ફરવા નીકળી જાય છે.

કોરોનાના વધતા જતા કેસો માટે આવા દર્દીઓ ખતરનાક સાબિત થઇ શકે છે. જેમાં તિલકવાડા બજારમાં કોરોના પોઝિટિવ દર્દી જાહેરમાં બહાર નીકળી જાહેરનામા ભંગ કરતા તેની સામે ફરિયાદ થઈ છે. જેમાં ફરિયાદી એમ.બી.વસાવા પો.સા.ઈ તિલકવાડા જાતે ફરિયાદી બની આરોપી ઉસ્માનખા મંનવરખા મલેક (રહે, નીચલી બજાર તિલકવાડા )સામે ફરિયાદ કરી છે.જેમાં આરોપી ઉસ્માનખા પોતે કોરોના પોઝિટિવ હોવા છતાં પોતાના ઘરની બહાર જાહેરમાં નીકળેલ જાહેરમાં મળી આવતાં જિલ્લા મેજિસ્ટ્રેટના કોવીડના જાહેરનામાનો ભંગ કરી ગુનો કરતાં પોલીસે તેમની સામે કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

એ ઉપરાંત રાજપીપળામાં પણ પશુપતિનાથ કેબીન પાસે દસથી વધારે લોકો ભેગા કરી જાહેરનામા ભંગનો ગુનો કરતાં ફરિયાદી વી.આર. વસાવા ઈન્ચાર્જ પો.ઈન્સ એ આરોપી પપ્પુ ભગતસિંગ રાઠોડ (રહે,ચંદ્રવિલા સોસાયટી, રાજપીપળા) સામે કાર્યવાહી કરી છે. ફરિયાદની વિગત મુજબ આરોપી પપ્પુ ભગતસિંગ રાઠોડ (રહે,ચંદ્રવિલા સોસાયટી, રાજપીપળા) ના ગેરકાયદેસર રીતે પોતાની ખાણીપીણીની દુકાન શ્રી પશુપતિનાથ કેબીન ચાલુ રાખી દસથી વધારે માણસો ભેગા કરી વધુ માણસો ભેગા કરવાના જિલ્લા મેજિસ્ટ્રેટ જાહેરનામાનો ભંગ કરી ગુનો કરતાં પોલીસે કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

રિપોર્ટ : જ્યોતિ જગતાપ, રાજપીપળા

Printer/Publisher/Owner & Editor : Pradip A. Raval Printed At :-Shivam Offset, Plot No. 101/1/9, G.I.D.C., Sector-28, Gandhinagar. Published At Plot No. 581/1, Sector - 7B, Gandhinagar - 382007, Gujarat.